॥ ॐ तत्सत् ॥

॥ श्री तापी मातानी जय ॥

तापी माताना केटलाअेक भक्ताना आग्रहथी

तापी मातानी आरती तथा गरबी सहित

श्री तपोस्तोत्र

રચી પ્રસિદ્ધ કર્તા.

શ્રી. દિનમણિશંકર વેણીશંકર હરિકીર્તનકાર.

દેશાઈપોળ—સુરત.

શ્રી 'જૈન' પ્રીન્ટીંગ વર્કસ લી૦ માં મટુભાઇ ભાઇદાસે છાપ્યું.

ઠે૦ ખપાટીઆ ચકલો—સુરત.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

મૂલ્ય ૦—૦—૩

श्री तपत्यष्टकम्

તાપી તવ પ્રતાપ શેષ કથન નહિ કરી શકે,
શારદા સ્વયં લખે તથાપિ નહિ લખી શકે;
સત્ય સૂખદાયિની ત્રિલોક શોક હારિણી,
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૧

બ્રહ્માણી રૂદ્રાણી દેવી વૈષ્ણવી તું સિદ્ધ છે,
અંબિકા ભવાની લક્ષ્મી નામ સૌ પ્રસિદ્ધ છે;
સકલ પાપનાશિની કૃતાંત ભીતિ હારિણી,
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૨

સકલ શાસ્ત્ર ને પુરાણ વળી ચાર વેદ જે,
મહિમા ન કળી શકે ગુપ્ત તારો ભેદ તે;
તાપી માત ઇશ્વરી દયાળુ દૃષ્ટી કારિણી,
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૩

ઇંદ્ર વરૂણ અગ્નિ આદિ તેત્રીશ ક્રોડ દેવતા,
સનકાદિક ઋષિ મુનિ માત તુંને સેવતા;
સૂર્ય સુતા વસ્ત્ર શસ્ત્ર અલંકાર ધારિણી,
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૪

મહા ઘોર પાપી તણા પાપનો સમૂહ જે,
તાપી તોય સ્પર્શ થતાં નાશી જાય સર્વ તે;

સુપુષ્પ માલ ધારિણી સુભક્ત ભય વિદારિણી,
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૫

તાપી તુંજ જગત માત જગત તાત તુજ છે,
તાપી તું અનાથ નાથ ભક્ત ભ્રાત તુંજ છે;
સમસ્ત પાપ ક્ષાલિની અનન્ય ભક્તિ દાયિની.
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૬

તાપી માત તણુ મા'ત્મ્ય અદ્‌ભૂત અપાર છે,
માત્ર નામ જપે થકી દેવ દેહ દેનાર છે;
દેવી બ્રહ્મવાદિની અધમ જનો ઉદ્ધારિણી,
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૭

માહેશ્વરી પાવનકરી પૂર્ણેશ્વરી સર્વેશ્વરી,
પરમેશ્વરી શ્રીધીશ્વરી શ્રી મોક્ષની દાનેશ્વરી;
ભવાની ભીડ હારિણી ભવાબ્ધિ દુ:ખ નાશિની,
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૮

સ્તોત્ર આ તાપી તણું ભણુશે અને સુણુશે સદા,
દુર્ગતિ નહિ પામશે તે જગતના જનને કદા;
દિનમણિ સુતા તું દેવી દિનમણિ સુખદાયિની,
નમામિ તવ પદાંબુજં શ્રી તાપી તાપ હારિણી. ૯

तापी मातानी आरती.

જયદેવી જયદેવી જય તાપી માતા શ્રી તાપી માતા
જય જય જન સુખકંદની જય જય જય સુરવંદની અક્ષય
સુખદાતા–જયદેવી જયદેવી.

ભવ ભય ભંજની દેવી શક્તિ મતિ માતા (૨)
યોગેશ્વરી વિશ્વેશ્વરી ભુવન ત્રય ત્રાતા—જયદેવી.
સુખ કારિણી વરદાયિની જયજય જગમાતા,
પતિત પાવિની પાલિની શુભ ભક્તિ દાતા—જયદેવી.
તવ માયા ત્રિગુણાત્મક જય જયમહાદેવી,
બ્રહ્માદિક ઇંદ્રાદિક મુનિમંડલ સેવી—જયદેવી.
ચેતન તથા અચેતન સચરાચર વ્યાપી,
મહાપાપીના પાપ ટાળે તું તાપી—જયદેવી.
રેવાજી દર્શનથી ગંગાજી સ્નાને,
તાપી માત તું સ્મરણે જમુનાજી પાને—જયદેવી.
સ્મરણ કરે જે તારૂં પાપી કે શાપી,
તેને શુભ ફળ આપે ભક્તપદે સ્થાપી—જયદેવી.
આદ્ય શક્તિ . તુંજ તું લક્ષ્મી સીતા,
વેદશાસ્ત્ર પણ તુંજ તુંજ બ્રહ્મ ગીતા—જયદેવી.
તાપી તાપ નિકંદની જય મન રંજની માત,
ઝ.શિ.ંજની દુઃખભંજની દેવી તું સાક્ષાત—જયદેવી.

જલમય સ્થલમય માત તેજોમય તાપી,
મોક્ષ સુખ તું આપ ભવ બંધન કાપી—જયદેવી.
શુદ્ધ ભાવથી આરતી જે કોઇ ગાશે,
દીનાનાથ નમી કહે છે તે મોક્ષે જાશે—જયદેવી.

ગરબો

(પુનેમ ચાંદની—રાહ)

સઘળાં નરનારીઓ કૃપા કરી વિનતી સુણોરે
ઉરે હર્ષ ધરીને ભજો શ્રી તાપી માત
સાચી વાત સમજીને સ્મરણ કરો એક ચીત્તથીરે—
સ્મરણ ભજન પ્રીતે કરો, જપો નિરંતર જાપ;
ભસ્મી ભૂત કરશે સઉ, પાપ તાપ સંતાપ.
હઇડે હિંમત રાખી શ્રદ્ધાળુ થઇને ભજોરે
તો તો તુરતજ બળશે સમૂળ પાપનો પુંજ
જેમ તૃણ તણો ઢગ અગ્નિ મુકીને બાળીએરે—
સુધા માર્ગને રહાઇને, ધરો શ્રી તાપી ધ્યાન;
બુડવાની ભીતિ તજો, ભક્તિનું અહીં સુકાન
સમજી સ્મરણ કરો શ્રી તાપી માતનું સૌ જનોરે
જો કરશો વિશુદ્ધ પ્રેમે શ્રી તાપી સેવા
તો મળશે મીઠા મધુરા અમૃતફળ મેવા ઘણારે—

નક્કી નથી કાંઈ સારરે, વારિ મંથનમાં
ખરૂં તત્વ તો ત્યાંજ છે, દધિના મંથનમાં.
માટે દધિમંથન રૂપ તાપી માતાનું ભજન કરોરે—
વારિ મંથન રૂપ, સંસાર તણી ખટપટ
તજીને પરમાનંદે પરમેશ્વરીનું ધ્યાન ધરોરે—
રોગ શોક ભયહારિણી, દેવી એ સાક્ષાત્
દીનાનાથ કહે બોલજો જય જય તાપી માત
સઘળા નરનારી.